# આંધ્રપ્રદેશમાં એમયુવી નદીમાં ખાબકતાં ૨૨ના મોત

રાજામુન્દ્ર,તા. ૧૩
આંધ્રપ્રદેશમાં ગોદાવરી નદીમાં મલ્ટી યુટીલીટી વ્હીકલ (એમયુવી) ખાબકી પડતા ઓછામાં



ઓછા ૨૨ શ્રદ્ધાળુઓના મોત થયા છે. મૃતકોમાં બાળકોનો પણ સમાવેશ થાય છે. આ બનાવ દેવલેશ્વરમ બેરેજ ખાતે બન્યો હતો. ડ્રાયવરે કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. તિરુપતિ મંદિરમાં દર્શન કર્યા બાદ શ્રદ્ધાળુઓ પરત ફરી રહ્યા હતા ત્યારે બનાવ બનતા ખળભળાટ મચી ગયો હતો. મૃતકોમાં નવ મહિલાઓ અને સાત બાળકોનો સમાવેશ થાય છે.

આજે વહેલી સવારે આ બનાવ બન્યો હતો. બનાવ બાદ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી.

ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં

**તિરુપતિ મંદિરમાં દર્શન કર્યા બાદ પરત ફરી રહેલા મલ્ટી યુટીલીટી વ્હીકલ (એમયુવી) ગોદાવરી નદીમાં ખાબકી પડતા અકસ્માત સર્જાયો : ડ્રાઈવરે કાબૂ ગુમાવતા બનાવ : ૧૨ની ક્ષમતા સામે એમયુવીમાં ૨૩ લોકો**

ખસેડી દેવામાં આવ્યા હતા. વિજયવાડામાં શ્રીમાતા કનકદુર્ગા અને તિરુમાલામાં ભગવાન શ્રી વેંકેટેશ્વર મંદિરમાં દર્શન કર્યા બાદ ભોગ બનેલા તમામ લોકો પરત ફરી રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. આ તમામ લોકો દર્શન કર્યા બાદ વિશાખાપટ્ટમ જિલ્લામાં તેમના વતન અચુતાપુરમ પરત ફરી રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ ડ્રાઈવરે કાબુ ગુમાવતા આ બનાવ બન્યો હતો. ગાડી પુરઝડપે જઈ રહી હતી ત્યારે ડ્રાઈવરે કાબુ ગુમાવી દીધો હતો. આ ગાડી રોડ ડિવાઈડર સાથે ટકરાઈ હતી. જેથી તે નદીમાં પડી હતી. આ બનાવમાં ૨૨ લોકોના ઘટનાસ્થળે મોત થયા હતા. આ બનાવમાં એક યુવતિને બચાવી લેવામાં આવી છે. આ યુવતિને સારવાર માટે રાજામુન્દ્રેની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ૧૩ વર્ષીય કિરણ બચી ગયા બાદ તેને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. તેની હાલત પણ હાલમાં ગંભીર છે. આ ગાડીમાં ૨૩ લોકો મુસાફરી કરી રહ્યા હતા.

બચાવ કામગીરીમાં નજીકના ગામના લોકોએ પણ મદદ કરી હતી. મૃતકોમાં છ પુરૂષો. નવ મહિલાઓ અને સાત બાળકોનો સમાવેશ થાય છે. બનાવમાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ હજુ સુધી કરવામાં આવી નથી. પ્રાથમિક તપાસમાં જણાવવામાં આવ્યું છે કે, ડ્રાયવરે કાબૂ ગુમાવ્યા બાદ એમયુવી બ્રિજની દિવાલ સાથે ટકરાયા બાદ નદીમાં ખાબકી ગઈ હતી. બેદરકારીના કારણે આ બનાવ બન્યો હતો. એમયુવીમાં બેસવાની ક્ષમતા ૧૨ લોકોની હોય છે જેની સામે ૨૩ લોકો મુસાફરી કરી રહ્યા હતા.

પોલીસને વહેલી પરોઢે પાંચ વાગે આ અકસ્માત અંગે માહિતી મળી હતી. મૃતકોના પરિવારના સભ્યોને અકસ્માતની જાણ કરવામાં



આવી છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ અકસ્માત અંગે દુખ વ્યક્ત કરીને કહ્યું છે કે, બનાવથી તેઓ આઘાતમાં છે. આંધ્રના નાયબ મુખ્યમંત્રી ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે કહ્યું હતું કે ડ્રાયવરની બેદરકારીનો આ કેસ છે. ડ્રાયવર ખુબ જ ફાસ ગાડી ચલાવી રહ્યો હતો અથવા તો તેને ઝોકુ આવી ગયું હતું.

# આસામમાં ભારે વરસાદની ચેતવણી

## ૧૬ જિલ્લાના લાખો નાગરિકો મુશ્કેલીમાં મુકાયા પરિસ્થિતીમાં હાલ સુધારની કોઇ સંભાવના નથી

ગુવાહાટી,તા. ૧૩
આસામમાં પુરની સ્થિતી હજુ પણ અતિ ગંભીર બનેલી છે. બીજી બાજુ હવામાન વિભાગે અતિ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. જેથી હાલમાં સ્થિતીમાં સુધાર થાય તેવી શક્યતા નહીવત દેખાઈ રહી છે. હાલમાં ૧૬ જિલ્લાના લોકો પુરના સકંજામાં આવી ગયા છે. હવે ૧૬ જિલ્લાના ૭૦૨ ગામોમાં લોકોની હાલત ખુબ કફોડી બનેલી છે. અસરગ્રસ્ત લોકોની સંખ્યા હવે રોકેટગતિથી વધીને ૩.૧૧ લાખ સુધી પહોંચી ગઇ છે.

ગઈકાલ સુધી રાજ્યમાં ૧૫ જિલ્લામાં ૫૫૩ ગામોના ૩.૧૧ લાખ લોકો સકંજામાં હતા. પરંતુ હવે સંખ્યા ખુબ વધી ગઇ છે. જો કે મોતનો આંકડો બે જ રહ્યો છે. સેન્ટ્રલ વોટર કમિશન દ્વારા એલર્ટની જાહેરાત કરાઈ છે. કારણકે, ગુવાહાટીમાં બ્રહ્મપુત્રમાં પાણીની સપાટી ઘણા સ્થળ ઉપર ચેતવણીના સ્તરથી ઉપર પહોંચી ગઈ છે.

ગુવાહાટીમાં બ્રહ્મપુત્રમાં પાણીની સપાટી ૪૮.૬૮ મીટરના ચેતવણી માર્ગથી ૦.૨૦ મીટર ઉપર પહોંચી ગઈ છે. અહીં ભયજનકસ્તરનો આંકડો ૪૯.૬૮નો છે. વર્ષ ૨૦૦૪માં બ્રહ્મપુત્રમાં પાણીની સપાટી ૫૧.૪૬ સુધી પહોંચી હતી. પ્રદેશમાં શનિવારે મોનસુનની એન્ટ્રી થઈ ગઈ હતી. રાજ્યમાં ૧૬ જિલ્લાઓમાં લોકો ભારે પ્રભાવિત થયા છે.આસામમાં પુરની સ્થિતી આજે વધારે વણસી ગઈ હતી. કારણકે અનેક નવા વિસ્તારો પણ પુરના સકંજામાં આવી ગયા છે.

# ડિગ્રી બાદ વિદ્યાર્થીઓ અમેરિકામાં છ વર્ષ રોકાઈ શકશે

## ઓબામા વહીવટી તંત્ર દ્વારા નવી દરખાસ્ત તૈયાર કરાઈ : ભારત સહિતના ઘણા દેશોના વિદ્યાર્થીઓને સીધી રાહત મળે તેવી સંભાવના  છેલ્લા ઘણા સમયથી ડિગ્રી બાદ વાપસીનું દબાણ વિદ્યાર્થીઓ ઉપર રહે છે

વોશિંગ્ટન,તા. ૧૩
અમેરિકામાં એક નવી દરખાસ્ત હાલમાં તૈયાર કરવામાં આવી રહી છે જેના ભાગરુપે અમેરિકામાં ડિગ્રી મેળવી લીધા બાદ છ વર્ષ સુધી વિદેશી વિદ્યાર્થીઓને રોકાવવાની મંજુરી મળી જશે. સાથે સાથે જોબ મેળવી લેવાની તક પણ મળશે. અમેરિકાએ એક નવી દરખાસ્ત તૈયાર કરી છે જેના ભગારુપે અભ્યાસ કરવા માટે અમેરિકા આવી રહેલા વિદ્યાર્થીને પરત ફરવાનું કોઈ દબાણ ન રહે તેની ખાતરી કરવામાં આવી રહી છે. આના દુરગામી પરિણામ મળી શકે છે. સાથે સાથે ભારતીય સમુદાયના લોકોને ખુબ મોટી રાહત મળી શકે છે. ઓબામા વહીવટીતંત્રની નવી હિલચાલથી તેમની કોલેજ ડિગ્રી મેળવી લીધા બાદ અમેરિકામાં રોકાઈ જવા હજારો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને મંજુરી મળી જશે. ખુબ જ અસરકારક દરખાસ્ત તરીકે આને ગણવામાં આવે છે.

જો આ દરખાસ્ત સ્વીકારી લેવાશે તો ખુબ મોટી રાહત થશે. ભારત તરફથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓના હિતમાં આ દરખાસ્ત રહેશે જે ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે અમેરિકા પહોંચે છે. કેટલાક અમેરિકન વર્ગમાં નારાજગી રહેવાના પરિણામ સ્વરુપે આને આડે અડચણો રહેલી છે. ગુરુવારના દિવસે એનટી આઉટસોર્સિંગ બ્રિગેડે અમેરિકી લેબર ડિપાર્ટમેન્ટ ઉપર દબાણ વધાર્યુ હતું જેના ભાગરુપે બે ભારતીય કંપનીઓ ઈન્ફોસીસ અને ટીસીએસમાં વિઝા ધારાધોરણના ભંગના મામલામાં તપાસ કરવા કહેવામાં આવ્યું હતું. ફોરેન ટેકનોલોજી વર્ક માટે વિઝા માટેના નિયમોનો ભંગ કરવામાં આવ્યો હતો. ભારતીય વિદ્યાર્થીઓ અમેરિકામાં ખુબ મોટી સંખ્યામાં છે. વહીવટીતંત્ર દ્વારા રજૂ કરવામાં આવેલા ધારા ધોરણ મુજબ આ બાબત હવે સેનેટમાં જશે. સેનેટની જ્યુડિશિયલી કમિટિ સમક્ષ દરખાસ્તને રજૂ કરાશે.

નવા નિયમ મુજબ અમેરિકામાં ડિગ્રી ધરાવનાર ઓપ્શનલ ટ્રેનિંગ પ્રોગ્રામ હેઠળ છ વર્ષ સુધી અમેરિકામાં રહી શકે છે. અન્ડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ પૂર્ણ કરી લીધા બાદ ત્રણ વર્ષની પણ આમા જોગવાઈ રહેલી છે. વહીવટીતંત્ર દ્વારા નવી દરખાસ્તને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. અમેરિકામાં સાયન્સ ટેકનોલોજી એન્જિનિયરિંગ મેથ્સને વધારે મહત્વ અપાયું છે. હાલમાં અમેરિકામાં સરકારી સર્ટિફાઈડ એજ્યુકેશન સંસ્થાઓમાંથી ગ્રેજ્યુએટ પ્રોગ્રામ અથવા તો અન્ડરગ્રેજ્યુએટ પૂર્ણ કરનાર વિદેશી વિદ્યાર્થીઓ માટે ઓપ્શનલ ટ્રેનિંગ પ્રોગ્રામ ૧૨ મહિનાથી ૨૯ મહિનાનો છે જે નોનસ્ટેમ અથવા સ્ટેમ ઉપર આધારિત છે. ભારત અને ચીનમાંથી ૩૦૦૦૦૦થી વધારે વિદ્યાર્થીઓ અમેરિકામાં અભ્યાસ કરી રહ્યા છે.

# ૧૦ વર્ષ જુના આઈપીઓ કૌભાંડમાં સેબીની તપાસ

## વર્ષ ૨૦૦૫માં સૌથી પહેલા સમગ્ર મામલો ખુલ્યો હતો માર્કેટ રેગ્યુલેટર વિવિધ મામલાઓમાં ફરી તપાસ કરશે

નવી દિલ્હી,તા. ૧૩
માર્કેટ રેગ્યુલેટર સેબી દ્વારા હવે ૧૦ વર્ષ જુના આઈપીઓ સાથે સંબંધિત કેસમાં ઉંડી તપાસ કરવામાં આવનાર છે. સેબી દ્વારા આ કેસમાં ફરી તપાસ કરવા માટે કમર કસી લેવામાં આવી છે. કેટલાક ઓપરેટરો દ્વારા ગેરરિતી આંચરવામાં આવ્યા બાદ ભારે ખળભળાટ મચી ગયો હતો. આ મામલો સૌથી પહેલા વર્ષ ૨૦૦૫માં સપાટી પર આવ્યો હતો.

રેગ્યુલેટર હવે ઝિલિયસ ટ્રેડિંગ કંપની, આઈડીએફસીના આઈપીઓમાં તેમની ભૂમિકા, સાસ્કેન અને સુઝલોનની ભૂમિકામાં તપાસ કરનાર છે. ઝિલિયલ ટ્રેડિગ કંપનીના પ્રોપરાઈટર જયેશ પી. ખાંડવાલા સાથે સંબંધિત મામલામાં ઉંડી તપાસ કરશે. કેસમાં કેટલીક ખુટતી કડી હાથમાં આવ્યા બાદ તપાસ કરવામાં આવી રહી છે.

# દિલ્હીમાં સ્વચ્છતાને મામલે ભાજપ-એએપી સામ-સામે

## ભાજપ-એએપીના કાર્યકરો સાફસુફી ઝુંબેશમાં : એકબીજા પર આક્ષેપબાજી વચ્ચે સાફ સફાઈ : એએપીના નેતાઓ દિલ્હીના વિવિધ ક્ષેત્રોમાં ઝાડુ સાથે નજરે પડ્યા



નવીદિલ્હી,તા. ૧૩
દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે સ્વચ્છતાને લઈને પણ હવે આક્ષેપબાજીનો દોર શરૂ થયો છે. પાટનગરમાં ગંદકીને દૂર કરવા માટે બંને પક્ષો મેદાનમાં આવી ગયા છે. આજે બંને પક્ષોએ વિવિધ વિસ્તારોમાં સાફસફાઈ ઝુંબેશ હાથ ધરી હતી. એમસીડી દ્વારા હડતાળને પરત ખેંચી લેવામાં આવ્યા બાદ નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયા કચરાને દૂર કરવા માટે તેમના કાર્યકરો સાથે તેમના મતવિસ્તાર પતપરગંજમાં દેખાયા હતા. એએપીના અન્ય નેતાઓ આશુતોષ, અલકા લાંબા ચાંદનીચોકમાં સાફસુફી ઝુંબેશમાં નજરે પડ્યા હતા. ભાજપ અને એએપી વચ્ચે જુદા જુદા મુદ્દાઓની લડાઈ રહી છે. એએપીના નેતાઓ કોંગ્રેસ અને ભાજપની વિરુદ્ધમાં આક્ષેપબાજીમાં ઉતરેલા છે.બીજી બાજુ દિલ્હી ભાજપના વડા સતીષ ઉપાધ્યાય પણ ઝાડુ સાથે શેરીઓમાં નજરે પડ્યા હતા અને કહ્યું હતું કે, અમે દિલ્હીને ક્લીન કરવા ૪૮ કલાકનું ટાર્ગેટ ધરાવીએ છીએ.

# મણિપુરમાં એનએસસીએન(કે)ના ત્રણ બળવાખોરોની ધરપકડ

ઈમ્ફાલ,તા. ૧૩
મણિપુરમાં ચોથી જૂનના દિવસે સેનાના કાફલા ઉપર હુમલો કરીને ૧૮ જવાનોને મોતને ઘાટ ઉતારી દીધા બાદ એનએસસીએન(કે)ના બે બળવાખોરોની ધરપકડ કરી લેવામાં આવી છે. કુલ ત્રણ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે માહિતી આપતા કહ્યું હતું કે, બાતમીના આધારે આ તમામની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરવામાં આવેલા બળવાખોરોમાં એનએસસીએન-કેના જાતે બની બેઠેલા ચેરમેન અબી અનલનો સમાવેશ થાય છે. ઈમ્ફાલ રેસ્ટ જિલ્લા પોલીસ કમાન્ડો દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી છે. સુપર માર્કેટમાં તપાસ ઓપરેશન વેળા આ તમામની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસનું કહેવું છે કે, ઝડપાયેલા શખ્સોની પુછપરછ ચાલી રહી છે. બળવાખોરો નવા હુમલા કરી શકે છે તેવા અહેવાલ મળી રહ્યા છે ત્યારે આ ધરપકડને ખુબ મોટી સફળતા તરીકે ગણવામાં આવે છે. કુલ ત્રણ જગ્યાઓએ તપાસ ઓપરેશન દરમિયાન ત્રણ શખ્સોની ધરપકડ કરાઈ હતી. ઝડપાયેલા ત્રણેય શખ્સ અબી અનલ, કાકીલોંગ ઉર્ફે કાલિંગ અને જાહીદ અલીનો સમાવેશ થાય છે.

# પાકિસ્તાનમાં અસ્થિરતા ફેલાવવા બાબતે ભારત પર આક્ષેપ

## પાકિસ્તાનના વિવિધ વિસ્તારમાં આતંકવાદી ગતિવિધિને પ્રોત્સાહન આપવાનો પણ ભારત પર આધાર વગરનો આક્ષેપ કરાયો

ઈસ્લામાબાદ,તા. ૧૩
પાકિસ્તાન સેનાના વડા રાહીલ શરીફે ફરી એકવાર ભારત ઉપર આકરા પ્રહારો કર્યા છે. શરીફે એલઓસી ઉપર યુદ્ધ વિરામના ભંગને લઈને પણ ભારત ઉપર જ દોષારોપણ કર્યા છે અને કહ્યું છે કે, પાકિસ્તાનમાં અસ્થિરતા ફેલાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

પાકિસ્તાની સેનાના વડાએ આધારવગરના આક્ષેપો કરતા કહ્યું છે કે, પાકિસ્તાનના જુદા જુદા વિસ્તારોમાં આતંકવાદી ગતિવિધિને ભારત દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ઈસ્લામાબાદમાં આજે પાકિસ્તાનની નેવલ એકેડેમીની પાસિંગ આઉટ પરેડમાં ભાગ લેતા શરીફે ભારત ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. પાકિસ્તાની સેનાના વડાએ કહ્યું હતું કે, સમગ્ર દુનિયા પાકિસ્તાનની સુરક્ષા ચિંતાઓને લઈને વાકેફ છે. યુદ્ધ વિરામનો ભંગ બલુચિસ્તાન અને કરાંચીમાં રક્તપાતનો દોર દુશ્મનોની નીતિનો પુરાવો છે. શરીફે કહ્યું હતું કે, પાકિસ્તાન શાંતિ માટે બીજા દેશોની સાથે સહકાર કરવા માટે હંમેશા તૈયાર છે પરંતુ આના માટે રાષ્ટ્રના સન્માન અને હિતો સાથે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં.

આ અગાઉ શરીફે કાશ્મીરને પાકિસ્તાનના એક હિસ્સા તરીકે ગણાવીને જોરદાર પ્રહારો કર્યા હતા. પાકિસ્તાની સેનાના વડાએ કહ્યું હતું કે, કાશ્મીર માટે તે કોઈપણ કિંમત ચુકવવા તૈયાર છે. તેમણે ઉમેર્યું હતું કે, પાકિસ્તાન પોતાના હિતોને મજબૂતરીતે સાચવી લેશે. શરીફે એમ પણ કહ્યું હતું કે, ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર પ્રદેશના લોકોના જીવન ધોરણને સુધારવાના ખુબ જ અસરકાર સાબિત થશે. પાકિસ્તાન દુશ્મનોની ઝુંબેશને અને તેમના ઈરાદાને સારી રીતે જાણે છે. સીપીઈસી સામે પણ ઘણા દેશો નારાજ દેખાઈ રહ્યા છે. સેના વડાએ કહ્યું હતું કે, આતંકવાદના દૂષણને નાબૂદ કરવા માટે પાકિસ્તાન કટિબદ્ધ છે. આતંકવાદ સામે લડાઈ સુરક્ષા દળોની જીત રહેશે નહીં બલ્કે સમગ્રે દેશની જીત રહેશે.

# લુધિયાણામાં અમોનિયા ગેસ ટેન્કર લીક થતા ૬ મોત

## અસર પામેલા લોકો પૈકીના ૨૫ હજુ હોસ્પિટલમાં દાખલ ગેસ લીક થવાના હેવાલ મળતાની સાથે લોકોમાં ભાગદોડ

લુધિયાણા,તા. ૧૩
પંજાબના લુધિયાણામાં આજે વહેલી પરોઢે અમોનિયા ગેસ ટેન્કરમાં લીક થવાના કારણે ઓછામાં ઓછા છ લોકોના મોત થઈ ગયા છે અને અન્ય સેંકડો લોકોને માઠી અસર થઈ હતી. તમામ લોકોને તરત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. કેટલાકને હજુ પણ સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. અસર પામેલા લોકો પૈકી ૨૫ હજુ સારવાર હેઠળ છે. આ બનાવ બાદ તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. સાથે સાથે લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. લોકોમાં ભાગદોડ મચી ગઈ હતી.

સ્થિતીને કાબુમાં લેવા માટે એનડીઆરએરની ટીમ દોરાહા બાઈપાસ પર પહોંચી ગઈ હતી અને સમગ્ર ગામમાં રહેતા લોકોને અન્યત્ર ખસેડી લેવામાં આવ્યા હતા. દોરાહા બાઈપાસ રોડ પર એક ફ્લાયઓવરની નીચે ટેન્કર ફસાઈ જવાના કારણે તેમાં ગેસ લીકેજની ઘટના બની હતી.

ગેસ લીક થયા બાદ લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી હતી અને તમમા લોકો તરત બિમાર થવા લાગી ગયા હતા. જે પૈકી છ લોકોના મોત થઈ ગયા હતા. બિમારા થયેલા લોકોને દોરાહાના ખન્ના હોસ્પિટલમાં ખસેડી લેવામાં આવ્યા હતા. બનાવમાં તપાસનો આદેશ કરવામાં આવ્યો છે.

# બાંગ્લાદેશમાં છુપાયેલા ઉત્તરપૂર્વના બળવાખોરોનો સફાયો કરવા માટે શરૂઆત

## મ્યાનમાર બાદ હવે ઉત્તરપૂર્વના બળવાખોરની સામે બાંગ્લાદેશમાં કાર્યવાહી

શિલોંગ,તા. ૧૩
બાંગ્લાદેશમાં છુપાયેલા ઉત્તરપૂર્વના બળવાખોરો સામે પણ હવે કાર્યવાહી શરૂ કરવામાં આવી ચુકી છે. બાંગ્લાદેશ દ્વારા બળવાખોરોનો સફાયો કરવા માટે ઓપરેશન શરૂ કરી દીધુ છે. બીએસએફના એક ટોપના અધિકારીએ આ મુજબની માહિતી આપી છે. બીએસએફના વરિષ્ઠ અધિકારીએ માહિતી આપ્યા બાદ હવે એમ માનવામાં આવે છે બળવાખોરો પર તીવ્ર દબાણ ભારત તરફથી પણ લવાયું છે. આવનાર દિવસોમાં આ કાર્યવાહી જારી રહે તેવી શક્યતા છે.

બીએસએફના એક સિનિયર અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે બાંગ્લાદેશમાં ચાલી રહેલા અનેક કેમ્પમાંથી તેમને ખદેડી મુકવા અંગે અમને માહિતી આપવામાં આવી છે. આ સંબંધમાં બાંગ્લાદેશમાં પણ એક જોરદાર અભિયાન હાલમાં જારી છે. બીએસએફ અને બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ વચ્ચે સમય સમય પર બળવાખોરાના સંબંધમા માહિતીની આપલે થતી રહે છે. બાંગ્લાદેશમાં હાલ ચાલી રહેલા ઉત્તરપૂર્વના બળવાખોરો સામે કાર્યવાહી અંગે હવે માહિતી હાથ લાગી છે. બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ અને બીએસએફ વચ્ચે હાલમાં બેઠક થઈ હતી. જેમાં વિવિધ પાસા પર ચર્ચા કરવામાં આવી હતી. વાતચીત દરમિયાન બીએસએફ દ્વારા બાગ્લાદેશને જુદા જુદા વિસ્તારમાં અનેક સંગઠના ૩૯ કેમ્પ અંગે યાદી આપવામાં આવી હતી.

સાથે સાથે કેમ્પો પર હુમલા કરીને બળવાખોરોની ધરપકડ કરવામાં તેમની મદદ માંગવામાં આવી હતી. ભારત તરફથી રજૂઆત કરવામાં આવ્યા બાદ હવે પગલા લેવામાં આવી રહ્યા છે. ભારતીય સેનાની જોરદાર કાર્યવાહીનો સામનો કરી રહેલા ત્રાસવાદી સંગઠન એનએસસીએન(ખાપલાંગ) અને તેમના સાથી ત્રાસવાદી સંગઠનોને હવે ચારેબાજુથી ઘેરી લેવામાં આવ્યા છે. મ્યાનમારની સેના પણ તેમના કેમ્પોથી નાગા ત્રાસવાદીઓને ખદેડી રહી છે. જેથી આ બળવાખોરોને ભારતીય ક્ષેત્રમાં ફરી આવવાની ફરજ પડી રહી છે. મ્યાનમાર બાદ હવે બાંગ્લાદેશ દ્વારા પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે જેથી બંડખોરોમાં ભાગદોડ મચી ગઈ છે.


# હવે સંઘ એજન્ડાને આગળ વધારાઈ રહ્યો હોવાનો ઓમર અબ્દુલ્લાનો આક્ષેપ

શ્રીનગર,તા. ૧૩
નેશનલ કોન્ફરન્સે આજે જમ્મુ કાશ્મીર સરકાર ઉપર આક્ષેપ કરતા કહ્યું હતું કે, આ સરકાર જમ્મુ કાશ્મીરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના એજન્ડાને અમલી બનાવી રહી છે. મુખ્યમંત્રી મુફતી મોહમ્મદ સંઘના એજન્ડા મુજબ આગળ વધી રહ્યા છે. ઓમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે, જ્યારે તેઓ શાસન કરી રહ્યા હતા ત્યારે શ્રીનગર અને જમ્મુ બે સેન્ટર હતા પરંતુ હવે રાજ્ય સરકાર માત્ર એક જ સેન્ટર ધરાવે છે અને તે નાગપુર છે.

અબ્દુલ્લાના નેતૃત્વમાં સરકાર વિરોધી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ પાર્કથી આ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં અબ્દુલ્લાના કાર્યકરો જોડાયા હતા. પૂર્વ મુખ્યમંત્રી અને એનસીના વરિષ્ઠ નેતાઓએ કહ્યું હતું કે, પીડીપી અને ભાજપની સરકાર મુસ્લિમ વિરોધી છે અને કલમ ૩૭૦ વિરોધી છે. બંધારણની કલમ ૩૭૦ રાજ્યને ખાસ દરજ્જો આપે છે. તેને નાબૂદીની દિશામાં પગલા લેવાઈ રહ્યા છે.

વર્તમાન સરકારે ૧૦૦ દિવસના ગાળામાં જ તેના વાસ્તવિક રંગ દર્શાવી દીધા છે.

# કૈલાશ માનસરોવર શ્રદ્ધાળુ ટુકડી અલમોરામાં પહોંચી



અલમોરા,તા. ૧૩
કૈલાશ માનસરોવર યાત્રા શરૂ થઈ ચુકી છે જેના ભાગરુપે શ્રદ્ધાળુઓની પ્રથમ ટુકડી આજે સાંજે અલમોરા પહોંચી ગઈ હતી. વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે કૈલાશ માનસરોવર યાત્રીઓની પ્રથમ બેચને લીલીઝંડી આપી હતી. આ યાત્રીઓ હવે રાષ્ટ્રીય પાટનગરથી નાથુલા પાસ મારફતે રવાના થશે. નાથુલા પાસનો નવો રુટ આ વર્ષે શરૂ થઈ રહ્યો છે. જેથી શ્રદ્ધાળુઓને સીધો ફાયદો થનાર છે. નવા રુટ નાથુલા પાસને લઈને થોડાક સમય પહેલા જ જાહેરાત કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીની પ્રમુખ સી જિંગપિંગ વચ્ચે સમજૂતિના ભાગરુપે નવા નાથુલા પાસની જાહેરાત કરવામાં આવી હતી. કૈલાશ માનસરોવર યાત્રાને લઈને શ્રદ્ધાળુઓમાં હંમેશા ઉત્સાહ રહે છે. વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે કહ્યું છે કે, કૈલાશ માનસરોવરના યાત્રીઓની પ્રથમ બેચ નાથુલાથી પસાર થશે. કૈલાશ માનસરોવર યાત્રા માટે હવે પરંપરાગત રુટ ઉપરાંત અન્ય એક નાથુલાનો રુટ પણ તૈયાર કરી લેવામાં આવ્યો છે. આ રુટ ખુબ જ મહત્વપૂર્ણ છે. અલબત્ત આ રુટ પરંપરાગત રુટ કરતા વધારે લંબાઈ ધરાવે છે પરંતુ આ રુટ ઉપરથી વાહનો પણ જઈ શકે છે. કૈલાશ માનસરોવરની યાત્રાને વધુ સરળ બનાવવા અને ભારતના લોકોને વધુ રાહત મળે તે માટે નવા રુટની શરૂઆત કરવામાં આવી છે.